**Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh**

**Conducted**

**MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD**


**Website : jainshikshan.org** **E-mail : jainshikshanboard@gmail.com**

## ૧૧ ઓગષ્ટ ૨૦૧૯ - ઉત્તર પેપર - ગુણ - ૧૦૦

## સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૧૨

**પ્રશ્ન ૧ મોટા બાંસઠિયાના આધારે નીચેના બોલનો બાંસઠિયો લખો.** **(૩૫)**

**(ક) માત્ર અંકમાં (કોઈ પણ આઠ)** **(૮)**

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| (૧) કાપોત લેશી | ૧૪ | ૬ પ્રથમ | ૧૫ | ૧૦ બે કેવળ વર્જીને | ૧ |
| (૨) અણિંદિયા | ૧ સંજ્ઞીનો પ. | ૨(૧૩,૧૪) | ૭ | ૨ કેવળ દર્શન કેવળ જ્ઞાન | ૧ શુ |
| (૩) અણાહારક | ૮ (૭ અપ + ૧ સંજ્ઞા ) | ૫.(૧,૨,૪, ૧૩,૧૪) | ૧ | ૧૦ | ૬ |
| (૪) જુગલીયા | ૨ સંજ્ઞીના | ૨ (૧,૪) | ૧૧ | ૬ | ૪ પ્રથમ |
| (૫) માન કષાય | ૧૪ | ૯ પ્રથમના | ૧૫ | ૧૦ | ૬ |
| (૬) વૈક્રિય શરીર | ૪ | ૭ પ્રથમના | ૧૨ | ૧૦ | ૬ |
| (૭) ઉપસમ સમકિતી | ૨ સંજ્ઞીના | ૮ (૪ થી૧૧) | ૧૫ | ૭ | ૬ |
| (૮) એકેન્દ્રિય | ૪ | ૧ લું | ૫ | ૩ | ૪ પ્રથમ |
| (૯) અપકાય | ૪ | ૧ લું | ૩ | ૩ | ૪ પ્રથમ |
| (૧૦) પર્યાપ્તા | ૭ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |

**(ખ) સંપૂર્ણ બાંસઠિયો લખો (કોઈ પણ ચાર)** **(૮)**

**(૧) યથાખ્યાત ચારિત્રી** = જીવનો ભેદ = ૧ (સંજ્ઞી પંચેન્દ્રિય પર્યા. )

ગુણસ્થાન = ૪ (૧૧થી૧૪)

યોગ = ૧૧ (૪ મનના, ૪ વચનના, ૨ ઔદા., ૧ કાર્મણ)

ઉપયોગ = ૯ (૫ જ્ઞાન અને ૪ દર્શન)

લેશ્યા = ૧ (સુક્લ)

**(૨) નરકગતિ** = જીવનો ભેદ = ૩ (સંજ્ઞી પંચેનો અપર્યા, પર્યા. અસંજ્ઞી પ. અપ. )

ગુણસ્થાન = ૧ થી ૪ પ્રથમના (૧૧થી૧૪)

યોગ = ૧૧ (૪ મનના, ૪ વચનના, ૧ વૈક્યિ, ૧વી.મિશ્ર, ૧ કાર્મણ)

ઉપયોગ = ૯ (૩ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૩ દર્શન)

લેશ્યા = ૩ (પ્રથમ)

**(૩) સંમુરિછમ મનુષ્ય** = જીવનો ભેદ = ૧ (અસં. પંચે. અપ. )

ગુણસ્થાન = ૧લું

જોગ = ૩ (૨ ઐ., ૧ કાર્મણનો)

ઉપયોગ = ૪ (૨ અજ્ઞાન અને ૨ દર્શન)

લેશ્યા = ૩ પ્રથમ

(૪) **સુક્ષ્મ** = જીવનો ભેદ = ૨ સૂક્ષ્મ એકેન્દ્રિયનો અપ. અને પર્યાપ્તો.

ગુણસ્થાન = ૧લું

જોગ = ૩ (૨ ઔ, ૧ કાર્મણનો)

ઉપયોગ = ૩ (૨ અજ્ઞાન અને ૧ અચક્ષુદર્શન)

લેશ્યા = ૩ પ્રથમ

(૫) અનાકાર ઉપયોગ = જીવનો ભેદ = ૧૪

ગુણસ્થાન = ૧૩ (દશમું વર્જીને)

જોગ = ૧૫

ઉપયોગ = ૧૨

લેશ્યા = ૬

**(ગ) માગ્યા પ્રમાણે લખો.** **(૬)**

(૧) વિકલેન્દ્રિયમાં જોગ – ૪ (૨ઔ. ૧કા. ૧ વ્ય.વ.)

(૨) અવેદીમાં ગુણસ્થાન – ૬ (૯ થી૧૪)

(૩) વિભંગજ્ઞાનીમાં જીવના ભેદ- ૨ (સંજ્ઞીના)

(૪) દેવીમાં લેશ્યા - ૪

(૫) અભવ્યમાં ઉપયોગ - ૬ ( ૩અ. ૩ દર્શન)

(૬) તિર્યંચમાં જીવના ભેદ. - ૧૪

**(ઘ) અલ્પબહુત્વ લખો (કોઈ પણ ચાર)** **(૮)**

(૧) જ્ઞાનદ્વાર - સર્વથી થોડા મનઃપર્યવજ્ઞાની (સંખ્યાના)

તેથી અવધિજ્ઞાની અસંખ્યાત ગુણા

તેથી મતિજ્ઞાની ને શ્રુતજ્ઞાની માંહોમાંહી તુલ્ય ને વિશેષાધિક

તેથી વિભંગજ્ઞાની અસંખ્યાત ગુણા

તેથી કેવળજ્ઞાની અનંતગુણા

તેથી સમુચ્ચય જ્ઞાની વિશેષાધિક

તેથી મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની તથા અજ્ઞાની માંહોમાંહી તુલ્યને, અનંતગુણા

(૨) સંજ્યદ્વાર - સર્વથી થોડા સૂક્ષ્મ સંપરાય ચારિત્રી સંખ્યાતા

તેથી પરિહાર વિશુધ્ધ ચારિત્રી સંખ્યાત ગુણા

તેથી યથાખ્યાત ચારિત્રી સંખ્યાત ગુણા

તેથી છે દોય સ્થાપનીય ચારિત્રી સંખ્યાત ગુણા

તેથી સામાયિક ચારિત્રી સંખ્યાત ગુણા

તેથી સંજતિ વિશેષાધિક, તેથી સંજતા સંજતિ અસંખ્યાત ગુણા

તેથી  નોસજતિ નોઅસંજતિ નોસંજતા સંજતિ અનંતગુણા

તેથી અસંજતિ અનંતગુણા

(૩) સમુચ્ચય કેવળી દ્વાર - સર્વથી થોડા જુગલિયા

તેથી સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંખ્યાત ગુણા

તેથી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અસંખ્યાતગુણા
તેથી વીતરાગી અનંતગુણા
તેથી સમુચ્ચય કેવળી વિશેષાધિક

(૪) ઇન્દ્રિયદ્વાર - સર્વથી થોડા પંચેન્દ્રિય અસંખ્યાતા
તેથી ચૈરેન્દ્રિય વિશેષાધિક, તેથી તેઈન્દ્રિય વિશેષાધિક
તેથી બેઈન્દ્રિય વિશેષાધિક, તેથી અણિંદિયા અનંતગુણા
તેથી એકેન્દ્રિય અનંતગુણા તેથી સઈન્દ્રિય વિશેષાધિક

(૫) સમકિતદ્વાર - સર્વથી થોડા સાસ્વાદન સમકિતી અસંખ્યાતા
તેથી ઉપશમ સમકિતી સંખેજજગુણા
તેથી મિશ્ર દૃષ્ટિ અસંખેજ્જગુણા
તેથી ક્ષયોપશમ અને વેદક સમકિતી માંહોમાંહે તુલ્ય અને અસંખ્યાત ગુણા
તેથી ક્ષાયિક સમકિતી અનંતગુણા. તેથી સમુચ્ચય સમકિતી વિશેષાધિક.
તેથી મિથ્યાદૃષ્ટિ અનંતગુણા

**(ચ) માગ્યા પ્રમાણે જવાબ લખો. (૫)**

(૧) મનુષ્ય ગતિમાં જીવના ભેદ ત્રણ છે કારણ કે ૨ સંજ્ઞીના અપ. અને પર્યાપ્તા તેમાં સમૂર્ચ્છિમ મનુષ્ય ભળ્યા માટે ૩ ભેદ છે.

(૨) સયોગીના ગુણસ્થાન ૧૩ છે. કારણકે ૧૪મું ગુણસ્થાન અયોગીનું છે. માટે ગુણસ્થાન ૧૩ છે.

(૩) સમુચ્ચય સમકિતીમાં ગુણસ્થાન ૧૨ હોય છે કારણકે ૧લા ગુણસ્થાનવાળા જીવ મિથ્યાત્વી અને ત્રીજા ગુણસ્થાનવાળા મિશ્રદૃષ્ટિવાળા હોવાથી બધા સમકિતીમાં તેમને વર્જીને ૧૨ ગુણસ્થાન કહ્યાં છે.

(૪) સૂક્ષ્મ જીવોમાં પહેલું ગુણસ્થાન હોય કારણકે સૂક્ષ્મ જીવો એકાંત મિથ્યાત્વી હોય છે માટે ૧લું ગુણસ્થાન હોય.

(૫) મન યોગીમાં યોગ ચૌદ હોય છે કારણકે કાર્મણ કાયયોગ વાટે વહેતા અને કેવળીને ૧૩મે ગુણસ્થાને હોય છે માટે મનયોગીમાં કાર્મણનો વર્જીને જોગ ૧૪ હોય.

**પ્રઃ૨ રૂપી અરૂપીના આધારે નીચેના જવાબ લખો. (૧૦)**

(૧) કમ્મટ્ઠ પાવઠાણાય મણ વય જોગા ય કમ્મ દેહે ।
સુહુમ પ્પએસિ ખંધે, એ સવ્વે ચઉ ફાસા. (૫)

(૨) મતિજ્ઞાન અરૂપી છે આત્માના પરિણામ છે. તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ કાંઈ ન લાભે માટે અરૂપી છે.

(૩) જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ નથી તે અરૂપી કહેવાય. પુદગલ દ્રવ્ય સિવાય પાંચેય દ્રવ્ય અરૂપી છે. અરૂપી દ્રવ્યને માત્ર કેવળજ્ઞાની, કેવળ દર્શની પ્રત્યક્ષ જાણે અને દેખે અરૂપી દ્રવ્ય લોકમાં પણ છે. અને આલોકમાં પણ છે. અરૂપીના ૬૧ બોલ છે.

(૪) જંબુદ્વીપ ૮ સ્પર્શી છે કારણ કે એ માટીનો બનેલ છે. માટીનું શરીર ઔદારિક છે. ઔદારિક શરીર ૮ સ્પર્શી છે. માટે જંબૂદ્વીપ ૮ સ્પર્શી છે.

(૫) અંતરાય કર્મ ચાર સ્પર્શી છે કારણકે કર્મ ચઉસ્પર્શી છે. કાર્મણ શરીર કર્મનો સંગ્રહ કરે છે માટે અંતરાયકર્મ ચાર સ્પર્શી છે.

**(ખ) નીચેના બોલ રૂપી છે કે અરૂપી તે લખો. કેટલા સ્પર્શી હોય. (૫)**

(૧) દેવનું શરીર - રૂપી - ૮ સ્પર્શી

(૨) ધર્માસ્તિકાય - અરૂપી - સ્પર્શ ન હોય.

(૩) જીવાસ્તિકાય - અરૂપી - સ્પર્શ ન હોય.
(૪) સૌધર્મ દેવલોક - રૂપી - ૮ સ્પર્શી
(૫) આયુષ્યકર્મ - રૂપી - ૪ સ્પર્શી

**પ્ર:૩ ઉપયોગ અધિકારના આધારે જ્વાબ લખો.** **(૧૦)**

**(ક) નીચેના જીવો કેટલા અને ક્યા ઉપયોગ લઈને નીકળે છે તે લખો. (કોઈ પણ પાંચ)** **(૫)**

(૧) વાણવ્યંતર દેવ - ૫ ઉપયોગ લઈને નીકળે. (૨ જ્ઞાન + ૨ અજ્ઞાન + ૧ચક્ષુદર્શન)
(૨) કબુતર - ૮ ઉપયોગ લઈને નીકળે. (૩ જ્ઞાન + ૩ અજ્ઞાન + ૨દર્શન)
(૩) સંજ્ઞી મનુષ્ય - ૮ ઉપયોગ લઈને નીકળે. (૩ જ્ઞાન + ૩ અજ્ઞાન + ૨દર્શન)
(૪) તમપ્રભા નારકીનો જીવ - ૫ ઉપયોગ લઈને નીકળે. (૨ જ્ઞાન + ૨ અજ્ઞાન + ૧ચક્ષુદર્શન)
(૫) સિંહ - ૮ ઉપયોગ લઈને નીકળે. (૩ જ્ઞાન + ૩ અજ્ઞાન + ૨દર્શન)
(૬) પૃથ્વીકાય - ૩ ઉપયોગ લઈને નીકળે. (૨ અજ્ઞાન + ૧દર્શન)

**(ખ) નીચેના પ્રશ્નોના જ્વાબ લખો.** **(૫)**

(૧) પહેલી નરકેથી તીર્થંકર નામ ગોત્ર બાંધેલ જીવ પાંચ ઉપયોગ લઈને નીકળે છે. ૩ જ્ઞાન અને ૨ દર્શન હોય.
(૨) સંમુર્ચ્છીમ મનુષ્ય ૩ ઉપયોગ લઈને નીકળે. મતિ, શ્રુત અજ્ઞાન અને અચક્ષુદર્શન હોય.
(૩) સંજ્ઞી હાથી પાંચ ઉપયોગ લઈને આવે. મતિ, શ્રુત જ્ઞાન, મતિ શ્રુત અજ્ઞાન અને અચક્ષુ દર્શન હોય.
(૪) ચારે ગતિમાં આવતાં કે જતાં ચક્ષુદર્શન ન હોય કારણ કે ચક્ષુદર્શનનો ઉપયોગ પર્યાપ્તામાં જ માનેલ છે.
**(૫)** મિથ્યાત્વી જીવને ચારે ગતિમાં બે ઉપયોગ હોય. મતિઅજ્ઞાન અને શ્રુત અજ્ઞાન સાથે હોય છે.

**પ્ર. ૪ સંસ્કાર વિભાગના આધારે જ્વાબ લખો.** **(૧૦)**

(૧) જ્યારે મારો સ્વાર્થ આવે ત્યારે દુનિયામાં માત્ર હું મને જ જોવાનો. મારા સ્વાર્થ માટે હું ગમે તેવી માયા આચારતાં પણ અચકાઈશ નહિ. પરમાર્થ કરવા સામેની વ્યક્તિને દ્દષ્ટિમાં રાખવી જોઈએ. જ્યાં ઇચ્છા વધારે, ત્યાં જરૂરિયાત વધારે. જ્યાં તૃષ્ણાને અસંતોષ ત્યાં બધું મેળવવા જીવ માયા કરવા તૈયાર થઈ જાય છે. માટે સંતોષ રાખી ૨ માયાથી દૂર રહેવું જોઈએ. એટલા માટે સ્વાર્થને ન જોતાં સંતોષ વધારવો જોઈએ.

(૨) માયાને જીતવાની સાધના જેમ કે,
(૧) ધર્મ તો સરળતામાં છે, માટે ભુલ કબૂલ કરું.
(૨) માયોનો ઘડો કાચો, જે ભરશે તેનો તૂટશે.
(૩) મારો સ્વાર્થ ન જોઉં. સંતોષ વધારું.
(૪) આત્મ સાક્ષી રાખું. અનંત પરમાત્માની સાક્ષી રાખું.
(૫) વાત વાતમાં વચન ન આપું. પુણ્ય પર વિશ્વાસ રાખું.
(૬) બધું મળે પણ શાંતિ ના મળે. પરિણામ તિર્યંચગતિનો બંધ.

(૩) લોભી પાસે ગમે તેટલું હોય છતાં તે સંસારના કામમાંથી મુક્ત ન થાય. સંસારના કામ એટલે પાપના કામ. જીવને કાંઈક વધુ જોઈએ છે, ઇચ્છા છે, આવશ્યકતા છે. આસક્તિ છે માટે આ બધું મેળવવા તે હિંસા, જૂઠ વગેરે પાપો કરવા પડે છે. આ બધો લોભ અમાપ છે. માટે લોભને પાપનો બાપ કહ્યો છે. લોભથી બચવું હોય તો તનના પક્ષમાં રહેવું જોઈએ. નહિ કે મનના પક્ષમાં લોભ એ તનની આવશ્યકતા નથી મનની તૃષ્ણા છે. માટે મનની ઇચ્છાઓથી બચવા સંતોષ રાખવા.

(૪) સુદેવ, સુગુરૂ અને સુધર્મ પર શ્રધ્ધા થવી તે સમકિત, સમક્તિની પ્રાપ્તિ થયા પછી જ ધર્મની શરૂઆત થાય છે. માટે જ સંત અને શાસ્ત્રોની આજ્ઞાને શ્રદ્ધાપૂર્વક સ્વીકારવા જોઈએ. ધર્મ – ધર્મ ફળની સમતા સ્વભાવની વાતો સાંભળીને આત્માને સતત યાદ રાખવો. જગત આખાને ભૂલવા પણ આત્માને ન ભૂલવો.

(૫) ક્રોધને વશ બની અન્યને કડવા શબ્દ બોલાઈ જાય ત્યારે, આમ ન વિચારાય, આમ ન બોલાય.

૧. ભૂલ હોય તેને મોઢે જ કહી દેવું જોઈએ.
૨. શાંતિથી કહીએ તો કોઈ માને જ નહિ. આ કાળમાં ઠંડી ઠંડી વાતો ન ચાલે.
૩. જે વસ્તુ જેમ કરવી જોઈએ એમ કેમ ન થાય ? થવી જ જોઈએ.
૪. સહુ પોત પોતાની રીતે ચાલે એ કેમ ચલાવી લેવાય ?
૫. એણે મને આમ શા માટે કહ્યું ? એનાથી આમ બોલાય જ કેમ ?
૬. એણે મારી સાથે આવો વ્યવહાર કરવો ન જોઈએ.

**પ્ર. ૫ કથા વિભાગના આધારે જવાબ લખો. (૧૦)**

(૧) કોલાહલ વિશે ઈન્દ્રએ પૂછતાં નમિરાજાએ શો જવાબ આપ્યો કે, મિથિલા નગરીમાં એક ઉદ્યાનમાં એક મોટું ઝાડ હતું. આ ઝાડ સુંદર, ફળો, પાંદડા આદિથી ભરેલું અને સહુને છાયા આપનારું, અનેક પક્ષીઓને આશ્રય દેનારું બહુ ઉપકારી હતું. પરંતુ પ્રચંડ તોફાનમાં કારણે તે વૃક્ષ તૂટી પડવાથી, આશ્રય વિનાનાં દુઃખી પક્ષીઓ કકળાટ કરી રહ્યાં છે. ખરેખર ! તો એટલે કે હું રાજમહેલમાંથી નીકળી દીક્ષા લેવા જઈ રહ્યો છું તેથી લોકો આક્રંદ કરી રહ્યા છે, પણ તેઓ મારા માટે નહીં પરંતુ પોતાના સ્વાર્થનો નાશ થતો જોઈને રડી રહ્યાં છે.

**(૨)** નમિરાજર્ષિની આરાધનાથી આપણને એ બોધ મળે છે કે, સાચો સાધક સંસારને પ્રિય કે અપ્રિય એમ બે વિભાગમાં વિભક્ત કરતો નથી. પરંતુ સંસારના ભોતિક સુખોનો તેઓ ત્યાગ કરે છે. એટલું જ નહિ આસક્તિનો તથા કષાયોનો ત્યાગ કરવામાં જ સાચો આનંદ અનુભવે છે. અને સદા વૈરાગ્ય ભાવમાં જ લીન રહે છે. બોધ પ્રાપ્ત વિચક્ષણ પુરૂષ નમિરાજર્ષિની જેમ ધર્મમાં દ્રઢ બની કામભોગોથી દૂર થાય છે. મળેલ દુર્લભ મનુષ્ય ભવમાં સાચો સાધક બને છે.

(૩) ઇન્દ્ર મહારાજે મહેલ સળગાવાનો નિર્દેશ કર્યો ત્યારે નમિરાજર્ષિએ જવાબ આપ્યો કે હે બ્રાહ્મણ ! જેમાં કોઈ વસ્તુ મારી નથી, એવી મિથિલા નગરી બળી રહી છે. પરંતુ તેમાં મારું કશું બળતું નથી. મને રાજ્ય, પુત્ર, મહેલ વગેરે સાંસારિક પદાર્થોમાં જરા પણ મોહ કે મમત્વ ભાવ નથી. સાધુ બધી પરિસ્થિતિમાં સમભાવ રાખે છે. સર્વ પ્રકારના બાહ્ય આભ્યંતર બંધનોથી મુક્ત એવો હું એકલો જ છું. મારું કોઈ નથી. આવી એકત્ત્વ ભાવનાનું ચિંતન જ મારા કલ્યાણનું કારણ છે. ભિક્ષા કરી જીવન નિર્વાહ કરવો એ જ મારા માટે શ્રેયસ્કર છે.

(૪) દેવદત્તાને સતત વિચાર આવતા કે મહારાજ પુષ્પનંદીને માતાનો પરમભક્ત છે. અને દિવસ-રાત માતાની સેવામાં જ લીન રહે છે. હું મહારાજ સાથે મનુષ્ય સંબંધી વિષય ભોગોને ભોગવી શકતી નથી, તેથી મારા માટે યોગ્ય છે કે અગ્નિ, શસ્ત્ર, વિષ અથવા મંત્રના પ્રયોગથી માતા શ્રીદેવીને મારી નાંખવી, શ્રીદેવી માતાને મારી નાંખવાની ખરાબ ભાવના વિચારતા રાણી દેવદત્તા એકાંત અને અનુકૂળ સમયની રાહ જોવા લાગી.

(૫) દેવદત્તા દુખ વિપાક સુત્ર - અધ્યયન -૯ નો અધિકાર છે. દેવ દત્તાનો પૂર્વ ભવ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સુપ્રતિષ્ઠ નગરમાં મહારાજા મહાસેન રાજ્ય કરતા હતા. તેમના રાણી વાસમાં ધારિણી વગેરે હજાર રાણીઓ હતી. મહારાણી દેવીનો પુત્ર સિંહસેન યુવરાજ પદ શોભવતો હતો. રાજુકુમાર સિંહસેનના લગ્ય શ્યામાં વગેરે ૫૦૦ સુંદર રાજકન્યાઓ સાથે થયા હતા. રાજા મહાસેનના મૃત્યુ બાદ સિંહસેન રાજા બન્યા.

તેઓ શ્યામા રાણીમાં મૂર્ચ્છિત અને પાગલ રહેતા અને બીજી રાણીઓનો આદર કરતા નહિ. ત્યારે ૪૯૯ રાણીઓની માતાઓએ શ્યામા રાણીને મારી નાંખવાનું ષડયંત્ર રચ્યું. આ વાતની ખબર શ્યામા રાણીને પડી, ત્યારે રાજાને આ ખબર આપી. રાજા સિંહસેને ષડ્યંત્ર રચી ૪૯૯ રાણીઓને મારી નાંખી.આવા પાપકર્મોનું ઉપાર્જન કરી રાજા સિંહસેન મૃત્યુ પામી છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થયા. ત્યાનું આયુષ્ય પૂરૂ કરી રોહિતિક નગરમાં દત્ત સાર્થવાહની પત્નીના ઉદરમાં દેવદત્તા પુત્રી રૂપે ઉત્પન્ન થયા હતા.

**પ્ર. ૬ કાવ્ય વિભાગના આધારે પંકિત પૂરી કરો :** **(૧૦)**

(૧) છો ને આ દર્દ વધે, હું મોત નહિ માંગુ.
વળી છેલ્લા શ્વાસ સુધી, હું ધર્મ નહિ ત્યાગું,
રહે ભાવ સમાધિનો, એવી અંતિમ પળ દેજો.

(૨) મંગળકારી વીરની વાણી, અમૃતની રસધાર,
ઝીલી શકે નહિ અંતર જેનું, એળે ગયો અવતાર.
જાણી એણે મોક્ષ પ્રમાણી, એવી પ્રભુ વીરની વાણી.

(૩) પ્રભુ કહે છે સંકલ્પ કરી લે, સાધુ જીવનમાં મરવું,
કોલ આપે પ્રભુ એવા સાધકને, સિધ્ધ ક્ષેત્રમાં મળશું,
ધર્મી જીવોને આવો (૨) સાથ ગમે છે.

(૪) દર્દોની આ પીડા, રડવાથી મટશે નહીં,
કલ્પાંત કરું તો પણ, આ દુઃખ તો ઘટશે નહિં,
દુર્ધ્યાન નથી કરવું, એવું નિશ્ચય બળ દેજો.

**પ્ર. ૭ સામાયિક પ્રતિકમણના આધારે જ્વાબ લખો.** **(૧૫)**

**(ક) મુળ માગધી શબ્દ લખો.** **(૪)**

(૧) દુરૂહીને
(૨) પરિસહોવસગ્ગા
(૩) આકુટી
(૪) નિયાણ સલ્લેણં

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો.** **(૨)**

(૧) એક દિશાની મર્યાદા ઘટાડી બીજી દિશાની મર્યાદા વધારી હોય.
(૨) આધારકર્માદિ (૧૬ ઉદ્દગમના દોષ વહોરાવનારા ગૃહસ્થથી લાગે તેવી.
(૩) ચોરને મદદ કરી હોય.
(૪) રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય.

**(ગ) નીચેના પાઠ પુર્ણ કરો.** **(૬)**

(૧) ગોયરચરિયાએ, ભિક્ખાયરિયાએ, ઉગ્ઘાડ – કવાડ- ઉગ્ઘાડણાએ, સાણા - વચ્છા –દારા સંઘટ્ટણાએ, મંડી પાહુડિયાએ, બલિ પાહુડિયાએ. ઠવણા પાહુડિયાએ.

(૨) પૌષધશાળા પોંજીને ઉચ્ચાર પાસવણ ભૂમિકા પડિલેહીને ગમણાગમણે પડિક્કમિને દર્ભાદિક સંથારો.

**(ઘ) નીયેના પ્રશ્નોના જ્વાબ લખો. કોઈ પણ ત્રણ** **(૩)**

(૧) પાંચમું અને સાતમું વ્રત એક કરણ અને કે ત્રણ યોગથી ગ્રહણ કરાય છે. કારણ કે શ્રાવક ૫, ૭માં વ્રતની મર્યાદા પોતાની જરૂરિયાત જેટલી જ કરી શકતો હોવાથી પોતે મન, વચન કાયાથી કરું નહિ તેવા પચ્ચક્ખાણ લઈ શકે. જો પરિવાર આદિની જવાબદારીને કારણે પરિગ્રહ આદિ ત્રણ યોગથી લે તો વ્રત ભંગ થઈ શકે.

(૨) લોગસ્સનો પાઠ શાશ્વત છે તેનું બીજું નામ ઉત્કીર્ત્તન, ચઉવીસત્થો પણ છે.

(૩) વ્રતનો એકાંશે ભંગ ખંડિયં અને સંપૂર્ણ ભંગ વિરાહિયં કહેવાય. આ શબ્દ સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્રના બીજા પાઠમાં આવે છે.

(૪) પરિગ્રહ એટલે મૂર્ચ્છા મમત્ત્વ, તે નવ પ્રકારે છે. ખેત, વત્થુ, હિરણ્ણ, સુવણ્ણ, ધન, ધાન્ય, દુપદ, ચઉપ્પદ અને કુવિય છે.

**---- જય જિનેન્દ્ર ----**